# દેશ હમારા, ધરતી અપની હમ ધરતી કે લાલ---!




હેપ્પી ઈન્ડિપેન્ડસ ડે.
સ્વાતંત્ર્યદિનની શુભકામનાઓ---!

આઝાદ હિંદ ફોજની એક રેલી વખતે નેતાજી સુભાષચંદ્ર બોઝે કહ્યું હતું કે - ''ગુલામીનાં મિષ્ટાન્ન કરતાં આઝાદીનો સૂકો રોટલો વધુ મીઠો લાગશે. ગુલામીથી મોટી મજબૂરી કે અભિશાપ બીજો કોઈ નથી. આજે આઝાદીનાં 79 વર્ષ પૂરાં થયાં. શું એક સ્વતંત્ર દેશના નાગરિક તરીકે આપણે ખુશ છીએ ખરા? દેશ માટે આપણે કેટલી ફરજ બજાવીએ છીએ? આપણે આપણા માટે જાગૃત છીએ પરંતુ ફરજો પ્રત્યે સજાગ છીએ ખરા? દેશ આપણો, ફરજ આપણી, હર મનમાં રાષ્ટ્રભક્તિ કેટલી?

આપણે જે આઝાદીથી દેશમાં હરીએ-ફરીએ છીએ તે ફ્રીડમનું માન રાખવું પણ આપણી જ ફરજ છે. દેશભક્તિની વાતો તો બધાં જ કરે પરંતુ યુવાઓનાં મન જાણીએ કે સામાન્ય નાગરિક તરીકે આપણે દેશ માટે શું કરી શકીએ - કોલેજના કેમ્પસમાં જવાનું થયું તો ત્યાં યુવા સ્ટુડન્ટને પૂછ્યું કે તમારે મતે દેશભક્તિ શું છે?

તો એક યુવા સ્ટુડન્ટે કહ્યું - ''ભ્રષ્ટાચાર ન કરો, ન કરવા દો. આપણે યુવાઓ તરીકે જાગૃત રહી દેશ માટે સારા અને ભ્રષ્ટાચારરહિત નેતાની પસંદગી કરવી એ પણ આપણી નૈતિક ફરજ છે. દેશભક્તિ એટલે દેશને સ્વચ્છ અને સુંદર રાખવો. આપણા રાષ્ટ્રધ્વજનું સન્માન કરવું. જ્યારે રાષ્ટ્રગીત ગવાતું હોય ત્યારે થોડી વાર શિષ્ટાચારપૂર્વક ઊભા રહી માન આપીએ એ પણ એક દેશભક્તિ છે. આપણા દેશની પ્રોડક્ટ વાપરીએ, ચાયના પ્રોડક્ટ ન વાપરીએ એ પણ દેશભક્તિ જ છે. નિયમિત મતદાન કરી જાગૃત નાગરિક બનીએ, ભ્રષ્ટાચાર ન કરો, ન કરવા દો. મારા મતે એ જ સૌથી મોટો દેશપ્રેમ છે.''

બીજા યુવા સ્ટુડન્ટને મળી તેણે કહ્યું - ''દેશસેવકોની મહેનત સાર્થક કરવી એ પણ દેશભક્તિ છે. સીધો અર્થ દેશ માટે શહીદ થતાં સૈનિકો તેમ જ એવાં ઘણાં દ્રષ્ટાંતો દેશભક્તિ ગણી શકાય. જેવાં કે -

પંદરમી ઓગષ્ટે શાળામાં ઝંડાવંદન વખતે નિર્મળ હાસ્ય સાથે સલામી આપતાં બાળકોમાં છે દેશભક્તિ. પોતાના દેશ માટે સતત મહેનત કરતા આપણા વડા પ્રધાનમાં છે દેશભક્તિ. પહેલા વરસાદને જોઈ હવે દરેકને અન્ન મળી રહેશે એવી આશા કરતાં, ખેતર ખેડતાં, બીજ વાવતાં, નીંદણ કાપતાં, પરસેવે રેબઝેબ થઈ જતાં એ ખેડૂતમાં છે દેશભક્તિ. પૂર માટે ફાળો ઉઘરાવતાં એ દરેક સભ્યમાં છે દેશભક્તિ. પૂરમાં જીવને જોખમમાં મૂકી બચાવકાર્ય કરતાંમાં છે દેશભક્તિ. દુશ્મન સામે બંદૂકથી નિશાન તાકતાં એ શૌર્યમાં છે દેશભક્તિ. સામાન્ય નાગરિકની વાત આવે ત્યારે ઉપર દર્શાવેલા દેશસેવકોની મહેનતને સાર્થક કરવી એ મારા મતે દેશભક્તિ છે.''

> **દેશભક્તિ એટલે દેશને સ્વચ્છ અને સુંદર રાખવો. આપણા રાષ્ટ્રધ્વજનું સન્માન કરવું. જ્યારે રાષ્ટ્રગીત ગવાતું હોય ત્યારે થોડી વાર શિષ્ટાચારપૂર્વક ઊભા રહી માન આપીએ એ પણ એક દેશભક્તિ છે. આપણા દેશની પ્રોડક્ટ વાપરીએ, એ પણ દેશભક્તિ જ છે. નિયમિત મતદાન કરી જાગૃત નાગરિક બનીએ, ભ્રષ્ટાચાર ન કરો, ન કરવા દો**

ઝંડો ફરકાવી સલામી આપી દીધી એટલે પંદરમી ઓગષ્ટની ઉજવણી પતી જતી નથી. આ આપણા રાષ્ટ્રધ્વજ 'તિરંગો' આપણા રાષ્ટ્રની આન-બાન-શાન છે. તેને સદાય ઉન્નત રાખવાનો છે.

દેશ દેવ ક્યારે બને? જે દેશના યુવકો પોતાના દેશનો ગૌરવવંતો ઇતિહાસ જાણતાં જ નથી તે દેશ ક્યારેય પ્રગતિ કરી શકતો નથી.

આજની પેઢીને ડેનિમનું જીન્સ કેવી રીતે આવ્યું? કેલોગના કોર્ન કેવી રીતે આવ્યા? કેપ્ટન કૂકના આટા કૈસે આયા? જાત જાતનાં આઇસ્ક્રીમ, જાતજાતના જંકફૂડની નામાવલિ મોઢે છે, મોબાઈલ, ઈન્ટરનેટ બધાંની કહાની-માહિતી ખબર છે પરંતુ આઝાદી કેવી રીતે મળી? તેનો ઇતિહાસ બહુ ઓછાને ખબર છે. દશ વર્ષ પછી એવું બનશે કે યંગ જનરેશન એવું પૂછશે કે પંદરમી ઓગસ્ટે શું બનેલું?

એક ઘટના જોઈએ - એક શિક્ષક પ્રાથમિક શાળામાં ભણાવે છે. નાનાં નાનાં બાળકોને દિલથી નવું નવું શીખવવા મથે છે. સ્વાતંત્ય દિવસ પંદર ઓગષ્ટ આવી રહ્યો છે એટલે તેમને થયું કે એ વિશે જ આજે વર્ગમાં શીખવીએ.

બાળક ચોથા ધોરણનું હતું - તેને પૂછ્યું કે આ પંદરમી ઓગષ્ટે શું છે? તને ખબર છે? બધાં છોકરાંઓ એકબીજાનાં મોં જોવા લાગ્યાં, ફરી એમણે સ્પષ્ટતા કરી કે આ શનિવારે શું છે? એક છોકરો ઊભો થયો. કહેવા લાગ્યો, ''મારા પપ્પા, મમ્મીને કહેતા હતા કે શુક્રવારની રજા લઈ ગુરુવારે સાંજે જ માઉન્ટ આબુ ઊપડી જઈએ. શુક્ર-શનિ-રવિ- આમ અમે તો ફરવા જવાના છીએ.

શિક્ષક તો આ જવાબ સાંભળી સુન્ન જ થઇ ગયા. શિક્ષકે વિદ્યાર્થીઓને પંદરમી ઓગષ્ટની સમજ આપી અને કહ્યું આખા દેશમાં એની ઉજવણી થશે. આપણી શાળામાં પણ દેશની આઝાદીની ઉજવણીના માનમાં ધ્વજવંદન થશે ત્યારે જરૂર હાજર રહેવું. જનગણમન અને વંદેમાતરમ્ આપણાં રાષ્ટ્રગીત છે. એ ગીત દ્વારા ઝંડાને સલામી આપી એની આન-બાન-શાન જાળવવાની પ્રતિજ્ઞા લેવી. આપણા સૌના હૈયે રાષ્ટ્રભક્તિ હોવી જોઈએ. દેશની ઉન્નતિ કે અધોગતિનો આધાર બાળકના શિક્ષણ પર છે. આપણાં બાળકોને શિરે જવાબદારીનું વહન કરવાની થોડી ટેવો પાડવી ખૂબ જરૂરી છે. આપણાં બાળકો, આપણા વિદ્યાર્થીઓ બહારથી જ નહીં અંદરથી સુંદર બનવાનું શિક્ષણ, માર્ગદર્શન આપી એમને સુંદર રીતભાતથી શોભતાં યૌવન અને ઉત્તમ નાગરિકત્વ સાથે સજ્જ બનાવીએ. બાળકને જેવું શિક્ષણ મળશે તેવું મન, વિચાર અને આચરણ સુંદર બનશે. વાંચ્યું છે કે જાપાનમાં બાળક પહેલવહેલું શાળામાં દાખલ થાય છે ત્યારે શિક્ષક પૂછે છે - તમારું શરીર શાથી ટકે છે? બાળક જવાબ આપે છે - ''જાપાન દેશનાં અન્નથી!''

શિક્ષક - ''જાપાનમાં અન્ન ન હોય તો તમે જીવી શકો ખરાં?''

બાળક - ''ના જી.'' પછી શિક્ષક તરત જ કહે છે.

'જો તમારું શરીર જાપાનના અન્નથી બનેલું હોય તો જાપાનનો એટલો હક ખરો કે નહીં જ્યારે તેને જરૂર પડે ત્યારે તમારું શરીર માંગી લે.''

બાળક બહાદુરીથી જવાબ આપે છે - ''હા સાહેબ, જ્યારે જરૂર પડે ત્યારે એમનું શરીર માંગી શકે છે. આમ દેશ માટે પ્રાણ હોમી દેવાનું શિક્ષણ જાપાનના બાળકને નાનપણથી જ અપાય છે. આ થઈ વાત દેશ પ્રત્યેની ફરજની સભાનતાની...!

'દેશ આપણો, ફરજ આપણી' 'દેશ હમારા ધરતી અપની, હમ ધરતી કે લાલ' સૌથી મોટો દેશપ્રેમ છે, તો જગાડીએ હર મનમેં રાષ્ટ્રભક્તિ–

તો વાચકમિત્રો, આવો પંદરમી ઓગષ્ટના મંગળ પ્રભાતે મા ભારતને સલામી આપી વંદન કરીએ -

'યે વંદનની ભૂમિ, અભિનંદનની ભૂમિ'

બધી વ્યાપેલી બૂરાઈઓ, ભ્રષ્ટાચાર, સગાંવાદ, આતંકવાદ, અજ્ઞાનતા જેવાં દૈત્યોના પંજામાંથી ભારતને મુક્ત કરીએ. સૂર્યોદયનું પહેલું કિરણ ભલે દૂર હોય પણ એનો અજવાસ બળ આપી રહ્યો છે. દેશ છે મારો દેશ, એની આન-બાન-શાન માટે સૌ કટિબદ્ધ રહીએ.

દેશ હમેં દેતા હૈ સબકુછ, હમ ભી તો કુછ દેના શીખે!
આપણે સાથે મળી એક ગીતનો સૂર પૂર જોશ રેલાવીએ ...!
આવો મહેનતસે અપના ઇમાન બનાયે,
અપને હાથોંસે અપના ભગવાન બનાયે,
રામકી ઇસ ધરતીકો, ગૌતમકી ભૂમિકો,
સપનોંસે ભી પ્યારા હિન્દુસ્તાન બનાયે,
– હમ હિન્દુસ્તાની...

### સુવર્ણરજ

'જબ આંખ ખૂલે તો ધરતી હિન્દુસ્તાનકી હો,
જબ આંખ બંધ હો તો યાદેં હિન્દુસ્તાનકી હો
હમ મર ભી જાયે તો કોઇ ગમ નહીં, લેકિન
મરતે વક્ત મિટ્ટી હિન્દુસ્તાનકી હો–!'

જીવન સરગમ
બિન્દુબેન કચરા

